GJSK140004342025

**:: નમુના – અ ::** **આંક–**

| **વડાલીના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેશ્રીની કોર્ટમાં મુ.વડાલી<br>ચુકાદાની તારીખ : ૨૪/૦૩/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૩૩૧/૨૦૨૫** | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | –– |
| પોલીસ સ્ટેશન | –– |
| ફરીયાદપક્ષ | **હેમંતકુમાર નારણદાસ રાવલ**<br>ઉ.વ.આ.૫૫,ધંધો–દલાલી,<br>રહે–ગાયત્રીનગર સોસાયટી, વડાલી, તા.વડાલી,<br>જી.સાબરકાઠા. |
| રજુઆત | વિ.વ.શ્રી જે. ડી. સુતરીયા |
| આરોપી પક્ષ | **વણકર અનિલભાઈ મોતીભાઈ**<br>ઉ.વ.આ.૩૮,ધંધો–વેપાર,<br>રહે–મેધ, તા.વડાલી, જી.સાબરકાંઠા |
| રજુઆત | વિ.વ.શ્રી બી.એન.ગઢવી |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | –– |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | –– |
| આખરી અહેવાલની તારીખ | –– |
| પ્લી નોંધ્યા તારીખ | ૨૨/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ– લાગુ પડે તો | / / |

## :: આરોપીની વિગત ::

| નંબર | આરોપીનુ નામ | ધરપડક ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલી સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | વણકર અનિલભાઇ મોતીભાઇ | –– | –– | નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ–૧૩૮ | સજા કરી | ૧ વર્ષ | –– |

:: નમુના–ક ::

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | હેમંતકુમાર નારણદાસ રાવલ | ફરીયાદી |

બ. બચાવપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | હેમંતકુમાર છગનભાઇ પરમાર | બેંકસાહેદ(આઇડીએફસી) |
| બ.સ.ર | ઉદય યાદવ શરન યાદવ | બેંક સાહેદ(એસબીઆઇ) |

ક. ન્યાયાલય

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૦ | આરોપીએ આપેલ અસલ ચેક નં.૦૦૩પ૯પ |
| ૨ | ૧૧ | બેંકનો રીટર્ન મેમો |
| ૩ | ૧૨ | નોટીસની સ્થળપ્રત અસલ |
| ૪ | ૧૩ | આરોપીને નોટીસ આરપીએડી કર્યાની રસીદ અસલ |
| પ | ૧૪ | પોસ્ટ વિભાગનો એકનોલેજમેન્ટ પત્ર |
| ૬ | ૧૯ | વેચાણ લેખ |
| ૭ | ૨૦ | વેચાણ લેખ |

બ. બચાવ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૭ | આઇડીએફસી બેંક લીમીટેડનું સ્ટેટમેન્ટ |
| ૨ | ૨૮ | આરોપીની પુત્રીને તબદીલ કરેલ રકમનો સ્ક્રીન શોટ |
| ૩ | ૨પ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાનું સ્ટેટમેન્ટ |

ક. ન્યાયાલય આંકની યાદી

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | –– | –– |

ડ. ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | –– | -- |

**:: ઠરાવ ::**

(૧) સદર કેસના ફરીયાદીની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી અને આ કામના આરોપી નજીક–નજીક ગામના હોઈ અને આ કામના આરોપી આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ વડાલી મુકામે બીજા ભાગીદારો સાથે સાહીલ એન્ટરપ્રાઈઝ નામથી પૈઢી ધરાવી રેતી, કપચી,પથ્થર વિગેરેનું વેચાણ કરતા હતા. ફરીયાદી વડાલી મુકામે રહી જમીનો તથા પ્લોટોના દલાલીનો ધંધો કરતા હતા જેથી આ કામના આરોપીની ઓફીસે અવારનવાર આવતા હતા તે સમયે દરમિયાન આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે ખુબ જ સારા સબંધો બંધાયેલા ત્યારબાદ આ કામના આરોપીએ પેઢી બંધ કરેલ અને આરોપી પણ જમીન, પ્લોટો, અને વાહનોની દલાલીનો વ્યવસાય કરવા લાગેલા. જેથી ધંધાકીય કામકાજ અર્થે અવારનવાર ફરીયાદી સાથે મળવાનું થતું હોઈ આમ છેલ્લા બે વર્ષથી આ કામના આરોપી તેમજ ફરીયાદી વચ્ચે મિત્રતાના ખુબજ સારા સબંધો બધાયેલા.આજથી આશરે બે માસ અગાઉ આ કામના આરોપી ફરીયાદીના ઘરે આવેલા અને ફરીયાદી પાસે આ કામના આરોપીએ તેમના ધંધાકીય તેમજ સામાજીક કામકાજ માટે રૂા. ૪,૫૦,૦૦૦/– ની માંગણી કરતાં ફરીયાદીએ તેઓની દલાલીના ધંધાની રકમ ઘરે હાથ ઉપર હોઈ આ કામના આરોપીને રૂા.૪,૫૦,૦૦૦/– એક રૂપિયા ચાર લાખ પચાસ હજાર રોકડા એકમાત્ર મદદરૂપ થવાના શુભ આશયથી હાથ ઉછીના આપેલા અને આ કામના આરોપીએ તે જ દિવસે ફરીયાદીને તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજનો વાયદો કરી આ આરોપીએ તેમના એકસીસ બેક,ઈડર શાખાના ચાલતા ખાતા નં.૯૧૧૦૧૦૦૩૩૩૬૬૬૬૯નો ચેક નં.૦૦૩૫૯૫નો રૂા.૪,૫૦,૦૦૦/–પુરાનો ફરીયાદીના નામજોગ તા.૦૬/૦૫/૨૦૨૫ની પાકતી તારીખનો ભરી ફરીયાદી તથા ફરીયાદીના ઘરના સભ્યોની હાજરીમાં ચેકમાં આરોપીએ તેમની સહી કરી ચેક ફરીયાદીને આપી પાકો વિશ્વાસ તથા ભરોસો આપેલ કે ચેકમાં જણાવેલ તારીખે ચેક બેંકમાં ડીપોઝીટ કરી તમારી લ્હેણી રકમ રૂા.૪,૫૦,૦૦૦/– પુરા મેળવી લેશો ચેકની પાકતી તારીખ પહેલાં ચેક સ્વિકરાવવા માટે મારા ખાતામાં જરૂરી ભંડોળ જમા રાખીશ તમો કોઈપણ જાતની ચિંતા કરશો નહી તેવું વચન અને વિશ્વાસ આપતાં ફરીયાદીએ આ કામના આરોપીએ આપેલ ચેક સ્વિકારી આ કામના આરોપીને રૂા.૪,૫૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર

લાખ પચાસ હજાર પુરા રોકડા હાથ ઉછીના આપેલા.

ત્યારબાદ આ કામના આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ આરોપીની સુચના મુજબ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ ફરીયાદીનું ખાતું ધરાવતી બેંક ઓફ બરોડા વડાલી શાખામાં ડીપોઝીટ કરતાં સદરહુ ચેક આરોપીનું ખાતું ધરાવતી એકસીસ બેંક ઈડર શાખામાં સ્વિકરાવવા માટે રજુ થયેલ પરંતુ આરોપીએ ફરીયાદી સાથે શરૂઆતથી જ છળકપટ રચી બંધ ખાતાનો ચેક આપેલ હોય જેથી આરોપીએ ફરીયાદીને આપેલ ચેક બેંકના ચેક રીટર્ન મેમોના કોલમ નં.૫૦ થી "એકાઉન્ટ કલોઝ"ના શેરા સાથે તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ વગર સ્વિકારાયે પરત થયેલ આમ આ કામના આરોપીએ આપેલ ચેક વગર સ્વિકારાયે પરત ફરતાં ફરીયાદીએ આરોપીનો સંપર્ક કરી ચેક પરત થયાની જાણ કરી તેઓના કાયદેસરના લ્હેણાની માંગણી પણ કરેલ પરંતુ આરોપીએ તેઓની કોઈ વાતને ધ્યાને લીધેલ નહી જેથી ફરીયાદીએ તેઓના લ્હેણા પરત મેળવવા સારૂ આ કામના આરોપીને તેઓના એડવોકેટશ્રી મારફતે તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ રજી.પો.એડી. મારફતે આરોપીના સાચા સરનામે નોટીસ મોકલી આપેલ જે નોટીસ આ કામના આરોપીને પોસ્ટ ધ્વારા તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ બજવણી થયેલ હોવા છતાં આ કામના આરોપીએ નોટીસનું કોઈ પાલન કરેલ નથી અને ફરીયાદીના નાણા ન ચુકવી આપવા પડે તે આશયથી તેઓની નોટીસનો ઉડાઉ જવાબ આપેલ છે આમ આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી મિત્રતાના નાતે હાથ ઉછીની રકમ મેળવેલ જે રકમ ચુકવી આપવા આરોપીએ ફરીયાદીને તેમના ખાતાનો ચેક આપેલ જે ચેક બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ જે અંગે આરોપીને જાણ કરી તેઓના કાયદેસરના લ્હેણા પરત માંગણી કરવા છતાં આરોપીએ ફરીયાદીના નાણા ન ચુકવી આપી આ કામના આરોપીએ ફરીયાદી સાથેના વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરતાં ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ્ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) આ કામે ફરીયાદીએ ઉપરોકત હકીકતવાળી ફરીયાદ રજુ કરતાં ફરીયાદીનુ સોગંદનામુ લઇ,ફરીયાદ રજીસ્ટરે કરવાનો હુકમ કરી,આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેના ગુના સબબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે સંબંધીત અદાલત ધ્વારા આરોપીને સમંસ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જેની બજવણી થઇ જતાં આરોપી હાજર થતાં આરોપીને ફરીયાદ અને ફરીયાદ સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ ત્યારબાદ આરોપીની આંક-

૭થી પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ છે અને હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનુ આરોપીએ પસંદ કરેલ છે. આથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે પુરાવો રજુ થયા બાદ આંક–૨૧થી પુરાવો પુરો થયાની પુરસીસ આપી વધુ પુરાવો રજુ ન કરવા તથા તેઓનો પુરાવો પુરો થયેલાનુ જણાવેલ છે.આ કામે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેઓની ઉપર ખોટી ફરીયાદ કરેલ છે અને સદર કામે નોટીશનો જવાબ આપેલ છે અને અમારા ચેકનો દુરઉપયોગ કરેલ છે.હાલના ફરીયાદી પાસે આવકના સોર્સ બાબતનો કોઇ પુરવો નથી અમોને નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

## (૫) <u>પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો</u>

(૫/૧) **<u>ફરીયાદપક્ષની દલીલો</u>** :– ફરીયાદપક્ષ તર્ફે તેઓના વિ.વ.શ્રી.જે.ડી.સુતરીયા નાએ મૌખીક દલીલો રજુ કરેલ છે અને પોતાની ફરીયાદ હકીકત મુજબ દલીલોમાં પુનરાવ– ર્તન કરેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે,આ કામના ફરીયાદીએ મકાનની વેચાણની દલાલીમાંથી આવક મેળવેલ હોય તે બાબતે આંક–૧૯ અને આંક–૨૦થી દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં સાક્ષી તરીકે હાલના ફરીયાદીનું નામ જણાવેલ છે અને આરોપીએ આપેલ ચેક એકાઉન્ટ કલોઝના શેરા સાથે પરત આવેલ છે અને તે બાબતે આ કામના આરોપીને નોટીશ આપી તેનો જવાબ આપેલો જે માર્ક–૩/૬થી રજુ કરે છે જેમાં આરોપીએ દીલાવરભાઇને વાદગ્રસ્ત ચેક આપેલાનું જણાવેલ છે પરંતુ તેઓને ચેક બાબતે નોટીશ આપેલ હોય કે તે– ઓને આ કામે તપાસેલ હોય તેવું બનેલ નથી. અને ફરીયાદીની નોટીશનો ઉડાઉ જવાબ આપેલ છે અને ફરીયાદીપક્ષે પોતાના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરેલ છે.આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન કરેલ નથી. આરોપીએ ફરીયાદીનુ કાયદેસરનુ લ્હેણુ ચુકવેલ નથી.આ કા– મના આરોપીએ ચેક બાબતે કે ચેકમાં સહી બાબતે કોઇ ઈન્કાર કરેલ નથી.જેથી આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની સખત સજા કરવા તથા ફરીયાદીને વળતરની રકમ અપાવવા અરજ કરેલ છે.

(૫/૨) **<u>બચાવપક્ષની દલીલો</u>** :– આરોપીપક્ષ તર્ફે વિ.વ.શ્રી.બી.એન.ગઢવીનાએ મૌખિક દલીલોમાં એવી હકીકત જણાવેલ છે કે,આ કામના ફરીયાદી કોઇ લાયસન્સ ધરાવ– તા ન હોવા છતા વ્યાજવટાવનો ધંધો કરે છે અને ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓના કાર લોન અને હોમ લોનના બે હપ્તા ડ્યુ છે અને આ કામે

આંક–૧૯ અને આંક–૨૦વાળા દસતાવેજો દલાલી અંગેના નથી અને આ કામે તા.૧૬/૦૫/૨૦૨૫ની નોટીશ આપ્યા બાદ આરોપીએ ફરીયાદીની દીકરીના ખાતામાં પૈસા જમા કરાવેલછે અને તેમ કરીને ખંડન કરેલ છે જેથી ત્યારબાદ પુરાવાનો બોજો ફરીયાદીપક્ષ પર તબદીલ થાય છે અને દીલાવરભાઇને આ કામના ફરીયાદીએ તપાસવા જોઇએ અને ચેક ફરીયાદી પાસે હોવાથી માની શકાય નહી અને ફરીયાદીપક્ષે પોતાનો કેસ નીશંકપણે પુરવાર કરેલ નથી અને જો આરોપીને ફરીયાદીની સરતપાસ માનીને સજા કરવામાં આવે તો આરો–પીને અન્યાય થાય તેમ છે જેથી આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો,ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઇ તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં ફરીયાદના ન્યાયીક નિર્ણટ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદવાળા વ્યવહાર મુજબ પૈસા લઇ જે કાયદેસરની લેણી નીકળતી રકમની ચુકવણી પેટે આરોપીએ હાલનો તકરારી ચેક આપેલો જે ચેક ફરીયાદીએ તેના ખાતામાં નાંખતા સદરહું ચેક "એકાઉન્ટ કલોઝ"ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ આરોપીને રજી.પો.એ.ડી.થી ડીમાન્ડ નોટીસ આપેલી જે આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની રકમનુ ચુકવણુ નહી કરીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાઓના ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

મુદૃા નં.૧ :– હકાર

મુદૃા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય અંગેના કારણો ::–**

(૮) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય,હકીકતોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા/પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે.ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતા,ફરીયાદ દાખલ કરતા પહેલાની પુર્વ શરતોનું પાલન થવું અનિવાર્ય છે તે સીવાય આ કલમ હેઠળ ફરીયાદ લઇ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જે અંગે

પ્રથમ ચર્ચા કરવી જરુરી જણાય છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ વંચાણે લેતા

**138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—** Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

**Provided that nothing contained in this section shall apply unless— (a)** the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

**(b)** the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

**(c)** the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

**Explanation.—**For the purposes of this section, "debt of other liability" means a legally enforceable debt or other liability.

હાલના કામે સદરહુ એકટની કલમ–૧૩૮માં પંરતુક(એ) પ્રમાણે એક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી સમયમયાર્દામાં બેકમાં રજુ થવો જોઈએ.જે બાબતમાં આંક–૧૦ વાળો તકરારી ચેક તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજ સમયમયાર્દામાં બેંકમાં ભરાયેલ છે અને રીર્ટન થયેલા છે જેથી ફરીયાદ પક્ષે પરંતુક–(એ)નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

પરંતુક (બી) ધ્યાને લેવામાં આવે તો, ચેક પરત આવ્યાથી દિન–૩૦માં ચેકની રકમની માંગણી કરતી નોટીશ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઈએ.આ કામે ફરીયાદીપક્ષે રજુ કરેલ આંક–૧૧વાળો રીટર્ન મેમો જોતા તે તા.૦૯/૦૫/૨૦૨૫ના રોજ પરત ફરેલ છે અને જેમાં કારણ નં.૫૦''એકાઉન્ટ કલોઝ''ના શેરા સાથે પરત આવેલા

છે.જયારે આંક–૧૨વાળી નોટીસ તા.૧૬/૦૫/૨૦૨૫ના રોજ આરોપીને આપવામાં આવેલી છે,એટલે કે ફરીયાદીને ચેક પરત થયાની જાણ થયાના દિન–૩૦માં આરોપીને નોટીશ આપેલ છે.આમ, આરોપીના સરનામે બજી ગયેલાનું સ્પષ્ટ થાય છે,જેથી ફરીયાદપક્ષે પરંતુક(બી)નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

વધુમાં,પરંતુક(સી)મુજબ આરોપીને નોટીસની બજવણી તા.૧૯/૦૫/૨૦૨૫ના રોજ બજી ગયેલાનુ આંક–૧૪થી રજુ પોસ્ટની એકનોલેજમેન્ટ પત્ર પરથી જણાય છે,અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણા ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે અને આ કામે આરોપીએ આવી કોઈ રકમ ચુકવી આપેલ હોય તેવો બચાવ પણ લીધેલ નથી.જેથી ફરીયાદપક્ષે પરંતુ ક–(સી)નું પાલન થયેલ હોવાનું અને આરોપી પક્ષે તેનુ પાલન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સાબીત થાય છે.

નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટની કલમ–૧૪૨(બી) વંચાણે લેતા તમામ આજ્ઞાત્મક પૂર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઈ બાધ નડતો નથી.

<u>કાયદાકીય છણાવટો તથા પુરાવાની છણાવટ અને તારણો</u>

**(૦૯)** આ કામના આરોપી સામે જયારે ધી નેગો.ઈન્સ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનું તહોમત છે ત્યાર સદર કાયદાની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના ગુનાના સબબના આવશ્યક તત્વો લક્ષમાં લેવા જરૂરી જણાય છે.

**<u>S.118 Presumptions as to negotiable instruments</u>**

Until the contrary is proved, the following presumptions shall be made:

a. **of consideration;** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

b. **as to date;** that every negotiable instrument bearing a date was made or drawn on such date;

c. **as to time of acceptance;** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

d. **as to time of transfer;** that every transfer of a negotiable instrument was made before its maturity;

e. **as to order of indorsements;** that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

f. **as to stamp;** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

g. that holder is a holder in due course; that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an SP offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burthen of proving that the holder is a holder in due course lies upon him.

**<u>S. 139 Presumption in favour of holder</u>**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે.ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે તે એબ્સોલ્યુટ નથી અને તેનું ખંડન કરી શકાય છે અને તેનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશીયેબ,ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૯ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજુ કરવાનો હોય છે એટલે કે, ફરીયાદપક્ષ પુરાવામાં આરોપી પક્ષને કેસના સંજોગો અનુસાર પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર લાવવાનું પુરવાર કરે તો આરોપીને શંકાનો લાભ ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર મળવો જોઇએ.

આમ, ઉપરોકત જોગવાઇઓ ધ્યાને લેતા,જો વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો આરોપીએ આપેલ ચેકએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવું અનુમાન કરવાની જોગવાઇ જે પુરતુ અનુમાન કયાં સુધી થઇ શકે તે **નામદાર સર્વોચ્ચ અદાલતના રંગપ્પા વિ. મોહન એઆઇઆર ૨૦૧૦ એસસી ૧૮૯૮**માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

14. In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations,

this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defense which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defense and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

નામદાર સર્વોચ્ચ અદાલતના **Basalingappa Vs Mudibasappa, 09 Apr 2019, 2019 0 AIR(SC) 1983, 2019 0 Supreme(SC) 423.**માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

"26. In light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat, may not be correct. However,

this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant.

22. The above case was a case where this Court did not find the defence raised by the accused probable. The only defence raised was that cheque was stolen having been rejected by the trial court and no contrary opinion having been expressed by the High Court, this Court reversed the judgment of the High Court restoring the conviction. The respondent cannot take any benefit of the said judgment,which was on its own facts. Para-23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summaries the principles enumerated by this Court in following manner:,

(i) **Once the execution of cheque is admitted Section 139 of the act mandates a presumption** that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under **Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.**

(iii) To rebut the presumption, it is open for the **accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence.** Inference of preponderance of probabilities can be drawn not only from **the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.**

(iv) That it is not necessary for **the accused to come in the witness box in support of his defence,** Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

આમ, ઉપરોકત બંને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતની ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા એવું ફલીત થાય છે કે,ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીએ પોતાના

કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ છે, તેવું પ્રાથમીક અનુમાન થાય છે અને તેના ખંડનની જવાબદારી આરોપીના શીરે છે. આરોપી આ અનુમાનના ખંડન માટે પુરાવો આપી શકે અથવા ફરીયાદીએ રજુ કરેલા પુરાવા પર આધાર રાખી પોતાનો બચાવ રજુ કરી શકે.આરોપીએ પુરાવો રજુ કરવો આવશ્યક નથી, પરંતુ અનુમાનના ખંડન કરવાની જવાબદારી આરોપી પર છે અને જો આરોપી આ અનુમાનનું ખંડન થાય તેવો પુરાવો કે હકીકતો રેકર્ડ પર લાવીને અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો આરોપીએ આપેલ ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ છે અને દેવું કાયદેસરનુ છે તેવી હકીકત શંકાથી પર અને કાયદેસર રીતે સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષે થાય છે અને સદર આરોપીએ અનુમાનનું ખંડન શંકાથી પર અને કાયદેસર રીતે કરવાનું હોતુ નથી.પ્રોબેબલ સંજોગો કે સંભાવના રેકર્ડ પર લાવવાના હોય છે અને વધુમાં જો આરોપી તેના વિરુધ્ધ કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવામાં અસફળ રહે તો માત્ર અનુમાનના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને જો આરોપી અનુમાનનું ખંડન કરવામાં સફળ રહે તો ત્યાર બાદ પુરાવાનો બોજો ફરી ફરીયાદી પર પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો રહે છે.આ કામે ઉપરોકત બંને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાના ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી આ કામે પુરાવાનું મુલ્યાંકન કરવું આવશ્યક છે.

**(૧૦)** આ કામે ફરીયાદી નિશંકપણે એવું પુરવાર કરે છે કે,આરોપીએ આપેલ ચેક કાયદેસરના લેણા અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ?તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે છે આથી આ કામે ફરીયાદપક્ષ તરફથી **ફરીયાદી–હેમંતકુમાર નારણદાસ રાવલ**એ આંક–૪થી રજુ કરી સદર પુરાવારૂપી સોંગદનામાથી સરતપાસમાં આંક–૧ની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ હકીકતોનું સમર્થન કરેલ છે અને **આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલી તેમા ફરીયાદી એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** મેધ ગામ તેઓના નિવાસસ્થાનથી આશરે દસેક કિ.મી. જેટલુ થાય છે.હાલની ફરીયાદ સાથે તેઓએ આ કામના આરોપી સાહીલ એન્ટરપ્રાઈસ નામની પેઢી ધરાવતા હોય તેવો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. તેઓ વ્યાજ વટાવનું કોઈ લાઈસન્સ ધરાવતો નથી. તેઓએ નામદાર વડાલી કોર્ટમાં અમરતભાઈ સગર, રાકેશકુમાર મહેતા, ગીરીશભાઈ મહેતા, નાઈગર અહ્લારખાભાઈ, પટેલ મુકેશભાઈ, પટેલ જીતેન્દ્રકુમાર ઉપર ચેક રીર્ટનના કેસો કરેલ છે. તેમાં મોટાભાગના કેસોમાં સમાધાન થયેલ છે. આ તમામ કેસોમાં તેઓએ હાથ ઉછીની રકમ આપેલ છે. તેઓની દિકરીનુ નામ સાક્ષી છે. હાલમાં તેઓની હોમલોન ચાલુ છે. સને ૨૦૨૪ની સાલમાં તેઓએ બેંક ઓફ બરોડામાંથી કાર લોન લીધેલ છે. તેઓની કારલોન અને હોમલોન બંનેમાં હાલમાં કુલ બે હપ્તા ડયુ થયેલા છે. તેઓની પાસે રૂ. ૪,૫૦,૦૦૦/–

હોવા બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદ સાથે આ કામે રજુ કરેલ નથી. તેઓ દલાલીના ધંધામાંથી કોઈ આવક મેળવતો હોઉ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ કામના આરોપી સાથે તેઓને રેતી-કપચી અંગે દલાલીનો કોઈ વ્યવહાર થયેલ નથી. હાલનો કહેવાતા વ્યવહાર અગાઉ આ કામના આરોપી સાથે અન્ય કોઈ નાણાકિય વ્યવહાર થયેલ નથી. કામના આરોપીને આપેલ રકમ રૂ. ૪,૫૦,૦૦૦/- દલાલીના ધંધાની રકમ દલાલીના બે-ત્રણ માસની ભેગી કરેલી હતી. આ દલાલીની બે-ત્રણ માસની ભેગી કરેલ રકમમાં કિર્તીભાઈ રાવલ, ગણેશભાઈના મકાન વેચાણ થયેલ તેમાં દલાલી પેટે પૈસા તેઓને મળેલા. તેઓ આ કિર્તીભાઈ રાવલનુ મકાન વેચાણ થયેલ હોય અને તેના દસ્તાવેજમાં તેઓની સહી હોય તે બાબતેનો દસ્તાવેજી પુરાવો રજુ કરવા તૈયાર છે. તેઓ તેઓની દલાલીની આવક ઈન્કમટેક્ષમાં બતાવતા નથી. તેઓ કોઈપણ જાતનો ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા નથી. હાલના કેસ સિવાયની અન્ય જે કેસો કરેલા તેની કુલ રકમ આશરે સાતેક લાખ રૂપિયા થાય છે. એ વાત ખરી છે કે, આંક-૧૦વાળો વાદગ્રસ્ત ચેક તેઓએ બેંકમાં ડીપોઝિટ કરાવેલ હોય તે બાબતની ડીપોઝિટની સ્લીપ આ કામે રજુ કરેલ નથી. **ફરીયાદીએ એ વાતનો અસ્વીકાર કરેલ છે કે,**આ રકમ જમા કરાવવાનું કારણ એ હતુ કે તેઓની પાસે આરોપીનો હાલનો વાદગ્રસ્ત ચેક આંક-૧૦વાળો પડી રહેલ હોય અને તે ચેક પરત કરવા બદલ તેઓએ આ રકમની માગણી કરેલી અને આંક-૧૦વાળો વાદગ્રસ્ત ચેક દિલાવરભાઈ પાસેથી મેળવેલો અને આ કામના આરોપી પાસે મારે કોઈ કાયદેસર લેણી રકમ ન હોવા છતા ચેકનો મેળવી તેનો દુરઉપયોગ કરેલ છે અને તેઓએ ખોટી હકીકતો ઉભી કરી ખોટી નોટીસ આપેલ છે તેમજ ખોટી ફરીયાદ કરેલ છે અને ત્યારબાદ આરોપી તર્ફે" વધુ ઉલટતપાસ માટે મુલ્તવી રાખવામાં આવેલ અને ત્યારબાદ આરોપીપક્ષનો ફરીયાદીની ઉલટતપાસનો હક બંધ કરવામાં આવેલ જે આજદિન સુધી આરોપીપક્ષે ખોલાવેલ નથી કે તે બાબતે કોઇ અરજી કે રજુઆત કરેલ નથી અને ત્યારબાદ આરોપીપક્ષે પોતાનો પુરાવો રજુ કરેલ છે.

આ કામે આરોપીપક્ષ તરફથી સાહેદ**-એસબીઆઇના મેનેજર ઉદય યાદવ શરન યાદવને** આંક-૨૪થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ**એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** તેઓ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, વડાલી શાખા ખાતે છેલ્લા અગિયર માસથી મેનેજર તરીકે નોકરી કરે છે. નામદાર કોર્ટ તરફથી સમન્સની બજવણી થતા તેઓ હાજર થઇ તેઓની સાથે અનીલભાઈ મોતીભાઈ વણકરનાઓના બેંક ખાતા નંબર ૨૦૪૬૧૪૮૩૫૩૯ ના બચતખાતાની તા. ૧/૬/૨૪ થી ૫/૭/૨૪ સુધીનુ સ્ટેટમેન્ટ તેઓની સાથે લાવેલ છે. જે તેઓની બેંકના કોમ્પ્યુટરમાંથી કાઢીને લાવેલ છે. જેમાં તેઓની બેંકનો સિકકો અને

તેઓની સહી છે ઓળખી બતાવી છે. કુલ પાના ૧૨ ને સંયુકત દાખલ આંક–૨૫ આપવામાં આવે લ છે. તેઓને સદરહુ દસ્તાવેજના પાના નંબર ૭ પરની તા. ૧૪/૬/૨૪ ની રૂ. ૫,૦૦૦/– ની એન્ટ્રી બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે, આ રકમ સાક્ષીબેનના ખાતામાં ટ્રાન્સફર થયેલા છે જેનો યુપીઆઈ નંબર ૪૫૩૨૦૦૯૬૪૬૬૯ નો છે. **ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,** સાક્ષીબેનના ખાતામાં જે પૈસા ટ્રાન્સફર થયેલા તે કયા વ્યવહાર બાબતેના હતા તેની તેઓને ખબર નથી.

આ કામે આરોપીપક્ષ તરફથી સાહેદ**–આઈડીએફસી બેકના મેનેજર હેમંતકુમાર છગનભાઈ પરમારને** આંક–૨૬થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ**એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** તેઓ આઈડીએફસી ઈડર શાખા ખાતે છેલ્લા નવ માસથી બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે. નામ કોર્ટ તરફથી સમન્સની બજવણી થતા તેઓ હાજર થઇ સાથે અનીલભાઈ મોતીભાઈ વણકરનાઓના બેંક ખાતા નં.૧૦૦૭૮૦૩૫૬૧૦ના બચતખાતાની તા.૧/૭/૨૩ થી ૩૦/૦૭/૨૩ સુધીના સ્ટેટમેન્ટ તેઓની સાથે લાવેલ છે, જે તેઓની બેંકના કોમ્પ્યુટરમાંથી કાઢીને લાવેલ છે. જેમાં તેઓની બેંકનો સિકકો અને તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવી છે. જે કુલ પાના ૫ ને સંયુકત દાખલ આંક–૨૭ આપવામાં આવેલ છે. આ દસ્તાવેજના પાના નંબર ૨ પરની તા.૧૩/૭/૨૩ ની રૂ. ૫,૦૦૦/– ની તે બતાવવામાં આવતા તેઓ જણાવે છે કે, યુપીઆઈ એમઓબી/૩૫૬૦૬૮૭૦૮૯૭૪/ યુપીઆઈ ના રેફરન્સ આઈડી થી ટ્રાન્સફર થયલા છે. તેઓને એક સ્કીન શોર્ટની નકલ બતાવવામાં આવતા તેઓ જણાવે છે કે, જેમાં ટ્રાન્જેકશન આઈડી ૩૫૪૦૬૮૭૦૮૯૭ થી તા.૧૩/૦૭/૨૩ની રૂા.૫,૦૦૦/– સાક્ષીબેન રાવલના ખાતામાં ટ્રાન્સફર થયેલાનુ જણાય છે. **તેઓ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,** સાક્ષીબેનના ખાતામાં જે પૈસા ટ્રાન્સફર થયેલા તે કયા વ્યવહાર બાબતેના હતા તેની તેઓને ખબર નથી.

**(૧૧.૧)** આરોપી તરફે જે મહત્વના બચાવ લીધેલ છે તે બચાવની ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.આરોપી તર્ફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે,આ કામના આરોપી પાસે કાયદેસરનું લેણું ન હોવા છતા ચેક મેળવી તેનો દુરુઉપયોગ કરેલ છે અને ફરીયાદીની ઉલટતપાસમાં એવી હકીકતો રેકર્ડ પર લાવેલ છે કે, આ કામના આરોપી સાથે તેઓને રેતી કપચી અંગે દલાલીનો કોઇ વ્યવહાર થયેલ નથી અને અને હાલના કહેવાતા વ્યવહાર અગાઉ આ કામના આરોપી સાથે અન્ય કોઈ નાણાકીય વ્યવહાર થયેલ નથી આ સીવાય અન્ય કોઇ હકીકતો આરોપીપક્ષે રેકર્ડ પર લાવી શકેલ નથી અને આરોપીપક્ષે આંક–૧૦વાળો વાદગ્રસ્ત ચેકમાં પોતાની સહી હોવા બાબતે કોઇ તકરાર લીધેલ નથી. ત્યારે આ તબકકે **નામદાર સુપ્રીમ કોર્ટે, એમ.અબ્બાસ હાજી વિ. ટી.એન.ચન્નાકેશવા ફોજદારી અપીલ**

**નં.૬૬૪/૨૦૧૨ (સુ.કો.),તા.૧૯/૦૯/૨૦૧૯**માં એવો સિધ્ધાંત સ્થાપિત કરેલ છે કે,ચેકનુ હસ્તાંતરણ કેવી રીતે થયુ તે આરોપીએ સંતોષકારણ રીતે પુરવાર કરવુ પડે અને તેના અભાવે અન્ય લીધેલ બાબતો મહત્વીની ગણી શકાય નહીં.આમ,આરોપીએ લીધેલ બચાવ માત્રથી ફરીયાદપક્ષની હકીકતોનુ ખંડન થયેલ ગણાય નહીં અને આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતા ફરીયાદીએ ચેક મેળવી તેનો દુરુઉપયોગ કરેલાનું બચાવ લીધેલ છે પરંતુ આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલો તે બાબતે કોઇ પુરાવો રજુ કરેલ નથી અને આ બાબતે આરોપીપક્ષે પોતાના માર્ક–૩/૬વાળા નોટીશમાં એવો બચાવ લીધેલ છે કે તેઓએ મેમણ દીલાવરભાઇ જાનુભાઇ પાસેથી સને ૨૦૧૯ની સાલમાં પૈસા લીધેલા અને તે સને ૨૦૨૦ની સાલમાં ચુકવી આપેલા છે અને ચેકની પરત આરોપી તથા દીલાવરભાઇએ ફરીયાદી પાસે પરત માંગતા પરત આપેલ નથી. આરોપીપક્ષે આ કામે દીલાવરભાઇ જાનુભાઇને તપાસેલ નથી કે તેઓએ તેઓને ચેક આપેલ હોય તેવો પણ કોઇ પુરાવો રજુ કરેલ નથી કે ઉલટતપાસમાં એવો કોઇ બચાવ પણ લીધેલ નથી કે આ વાદગ્રસત ચેક પરત મેળવવા આ કામના ફરયીાદીને કોઇ નોટીશ આપેલ નથી.જેથી **તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પી.રસીયા વિરૂધ્ધ અબ્દુલ નજીર ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,**The court held that due to the presumption under Sec.139,Once signature and cheque are not in dispute,it will be presumed that cheque was issued for discharge of debt or liability in favour of complainant. આમ,આરોપી સદર કલમ–૧૩૯ની જોગવાઇઓનુ ખંડન કરી શકેલ હોવાનુ જણાઇ આવતુ નથી.આમ,કલમ–૧૩૯ની જોગવાઇઓ અનુસારના અનુમાનો ફરીયાદીની તરફેણંમા હોવાનુ જણાય છે.

**(૧૧.૨)**આરોપી તર્ફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે,આ કામના ફરીયાદી વ્યાજવટાવનો ધંધો કરે છે અને તે બાબતે ફરીયાદીની ઉલટતપાસમાં એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે,આ કામના ફરીયાદી કોઇ વ્યાજવટાવનું લાયસન્સ ધરાવતા નથી અને તેઓએ ધણા લોકોને પૈસા હાથ ઉછીના આપેલા છે પરંતુ તેના પરથી તેઓ વ્યાજવટાવનો ધંધો કરતા હોય તેવું સાબીત થતુ નથી.જેથી આરોપીનો આ બચાવ પણ તેઓને મદદરૂપ થતો નથી.

**(૧૧.૩)**આરોપી તર્ફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે,આ કામના ફરીયાદી ફરીયાદ મુજબનો વ્યવહાર કરવા માટેની નાણાકીય સક્ષમતા ધરાવતા નથી અને તે બાબતે ફરીયાદીની ઉલટતપાસમાં એવી હકીકત રેકર્ડ પર લાવેલ છે કે,ફરીયાદીની હાલમાં હોમ લોન અને કાર લોન ચાલુ છે અને આ બંનેમાં હાલમાં કુલ બે હપ્તા ડયુ છે અને આ કામના ફરીયાદી

કોઈ આવકવેરા રીર્ટન ભરતા નથી અને હાલના કેસ સીવાય અન્ય જે કેસો કરેલા તેની કુલ રકમ આશરે સાતેક લાખ રૂપીયા થાય છે.આમ,આરોપીપક્ષે આ કામના ફરીયાદી નાણાકીય સક્ષમતા ધરાવતા ન હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરે નથી અને માત્ર લોનના બે હપ્તા ડયુ હોવાથી ફરીયાદી નાણાકીય સક્ષમતા ધરાવતા નથી તેવું કહી શકાય નહી અને આ કામના ફરીયાદી નાણાકીય સમક્ષમતા ધરાવતા નથી તેવો આ કામના આરોપીએ પોતાના નોટીશના જવાબમાં કોઇ બચાવ લીધેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદીની નાણાકીય અસક્ષમતા સાબીત કરવાનો બોજો આ કામના આરોપી પર રહે છે અને આ કામના ફરીયાદીની દીકરીના ખાતામાં આરોપીએ પૈસા તા.૧૩/૦૭/૨૦૨૩ના રોજ રૂ.૫,૦૦૦/– અને તા.૧૪/૦૬/૨૦૨૪ના રોજ રૂ.૫,૦૦૦/– તબદીલ કરેલ છે જયારે ફરીયાદ મુજબનો વ્યવહાર સને–૨૦૨૫માં બનેલ હોય છે જેથી આ વ્યવહાર ફરીયાદ મુજબના વ્યવહાર પેટે થયેલ હોય તેવું આરોપીપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ,આરોપી સદર કલમ–૧૩૯ની જોગવાઈઓનુ ખંડન કરી શકેલ હોવાનુ જણાઇ આવતુ નથી.આમ,કલમ–૧૩૯ની જોગવાઈઓ અનુસારના અનુમાનો ફરીયાદીની તરફેણંમા હોવાનુ જણાય છે.

**(૧૨)** આ કામે ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતો આંક–૧૦વાળો વાદગ્રસ્ત ચેક ફરીયાદીની તરફેણમાં ઈશ્યુ કરવામાં આવેલ તે હકીકત ફરીયાદ પુરવાર કરી શકેલ હોવાનું જણાઈ આવે છે.આમ, હાલના કામે આંક–૧૦વાળો ચેક આરોપીએ કાયદેસરની લેણી રકમ અદા કરવા સારુ આપેલ હોવાનું પુરવાર થાય છે.આમ,ઉપરોકત ચર્ચા મુજબ જયારે હાલની ફરીયાદ નિયત સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોય અને જયારે નેગોશીયેબલ એકટની કલમ–૧૩૮(એ)(બી)ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ હોય તેવું ફલીત થાય છે અને જયારે કલમ–૧૩૮(સી) હેઠળ આરોપીએ ફરીયાદીને આ કામે લેણા પેટેની ચેકની રકમ મુજબની કોઈ રકમ ચુકવવામાં આવેલ હોય તેવી હકીકત આરોપી તર્ફે પુરવાર થતી ન હોય ત્યારે ચેક મુજબની રકમ આરોપી પાસેથી લેણી નીકળતી હોવાનું પુરવાર થાય છે.આમ,સમગ્રપણે ધી.નેગો.ઈન્સ.એકટ સબબના આવશ્યક તત્વો આરોપી વિરુધ્ધ ફલીત થાય છે તેવી હકીકત ફરીયાદી આરોપી વિરુધ્ધ પુરવાર કરી શકેલાનું જણાય છે,ત્યારે આરોપી દ્વારા ઉઠાવવામાં આવેલ દલીલો ધ્યાને લેતા તે આરોપીપક્ષને મદદરૂપ થતી ન હોય અને આરોપી તરફે કાયદા મુજબના અનુમાનોના સબંધે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી કે જેથી ફરીયાદીની તરફેણમાં રહેલ કાયદાકીય અનુમાનોનું ખંડન થાય જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા છે તે સ્વીકારવાનું રહે છે.

<u>**મુદા નં. –ર**</u>

**(૧૪)** આમ,આ કામે આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબના તમામ તત્વો સાબીત થયેલા છે.આ કામે ફરીયાદપક્ષે તેમના સોંગદનામામાં તથા રજુ થયેલા દસ્તાવેજોને આધીન નેગો.ઇન્સ. એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ના અનુમાનો મુજબ પોતાનો કેસ પુરવાર કરેલ છે અને આરોપીપક્ષે ઉપરોકત ચર્ચા અને તારણો મુજબ કોઇ ખંડનાત્મક ઠોસ સ્વીકારી શકાય તેવો પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદા નં.૧નો જવાબ હકારમાં આપી મુદા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી આ કામના **આરોપી–વણકર અનિલભાઇ મોતીભાઇ,**રહે–મેધ, તા.વડાલી,જી.સાબરકાંઠાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–ર૭૮(ર) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ તા.ર૪મી માર્ચ,ર૦ર૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડાલી
તા.ર૪/૦૩/ર૦ર૬

(સુનિલકુમાર એમ.પટેલ)
જયુડીશ્યીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વડાલી.(કોડ નં.–જીજે–૦૧૭૦૪)

<u>**સજા અંગે સુનવણી :–**</u>

આરોપીના વિ.વ.શ્રીને સજા અંગે સુનવણીની તક આપવામાં આવે છે. તેઓ જણાવે છે કે તેઓનો પ્રથમ ગુનો હોય તેથી તેઓને ઓછી સજા કરવા અરજ કરેલ છે.

ફરીયાદીના વિ.વ.શ્રી.ને સજા અંગે સુનવણીની તક આપવામાં આવે છે ત્યારે તેઓ મૌખિક રજુઆત કરેલ છે કે,આ કામના આરોપીને પુરેપુરી સજા કરવા તથા દંડ તરીકેની રકમ વળતર તરીકે ફરીયાદીને ચુકવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

ન્યાયની અદાલતે ન્યાય કરતી વખતે માત્ર ફરીયાદપક્ષનો કેસ સાબીત થાય તેટલુ જ જોવાનું નથી પરંતુ ગુન્હેગારે કરેલ ગુન્હા બદલ ફરીયાદીને સંતોષકારક ન્યાય મળે અને ગુન્હો કરે તેને સજા મળે તેવી ભાવના સમાજમાં સુપ્રસ્થાપીત થાય તેથી પણ ગુન્હેગારને સજા થાય તે જોવાની અત્રેની અદાલતની પવિત્ર ફરજ છે અને તેને કાયદામાં ઠરાવેલ યોગ્ય શીક્ષા કરવી ન્યાયોચીત છે.આ કામે તકસીરવાન ઠરાવવામાં આવેલ આરોપીએ આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે વણચુકવ્યો પરત ફરેલ છે અને ફરીયાદી સાથેના લેણાની રકમ ચુકવી આપવાની નોટીશથી આજદિન સુધીનો સમય મળેલ હોવા છતા ચુકવેલ નથી,તેવી

આરોપીની વર્તણુંકને ધ્યાને લીધેલ છે અને ફરીયાદીને સદરહુ ચેક રીટર્ન થયેલ હોવાથી થયેલ નુકશાનને ધ્યાને લેતા,જયારે કેસ ગુણદોષ પર ચાલી ગયેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ત્યારે ગુન્હાને હળવાશથી લઇ શકાય તેમ નથી અને **આરોપીનો આ પ્રથમ ગુનો હોય તેથી તેઓને કોઇ લાભ મળી શકે નહીં.**આરોપીએ ફરીયાદીને નાણા ન ચુકવીને નાણાકીય નુકશાન ફરીયાદીને કરેલાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે અને જે નુકશાન ભરપાઇ કરવાની જવાબદારી આરોપીના શીરે છે તેથી ફરીયાદી વળતર મેળવવા હકદાર થાય છે અને હાલના કેસમાં ફરીયાદીપક્ષને રકમ નહી ચુકવીને પોતે કરેલ અપરાધનો પસ્તાવો કરવાનો સમય મળે અને કાયદેસરની લેણી રકમ ચુકવી આપવામાં કસુર કરવાથી કેદની સજા ભોગવવી પડે તેવો અહેસાસ થાય તે માટે એક વર્ષ જેટલો સમય વાજબી જણાય છે. નાણાકીય બાબતનો ગુન્હો હોય તેની સખ્ત કેદની સજા નહી કરતા સાદી કેદની સજા કરવાનું ઉચીત જણાય છે અને સાથોસાથ ફરીયાદીને વળતરનો હુકમ પણ કરવામાં આવે તો ન્યાયની વિભાવના પણ જળવાઇ રહેશે તેમ જણાય છે. જેથી ઉપરોકત ચર્ચા અનુસાર મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

(૧) આ કામના **આરોપી–વણકર અનિલભાઇ મોતીભાઇ,**રહે–મેધ,તા.વડાલી, જી.સાબરકાંઠાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–ર૭૮(ર) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકલની કલમ–૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**(ર)** બી.એન.એસ.એસ.ની કલમ–૩૯પ સાથે વાંચતા કલમ–૪૬૧,૪૭૧ તથા ક્રિમીનલ મેન્યુઅલ પેરા ર૦૯ મુજબ તકસીરવાન આરોપીએ આ કામના ફરીયાદીને વળતરપેટે રૂા.૪,પ૦,૦૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ પચાસ હજાર પુરા) ચુકવી આપવા જેમાં કસુર થયેથી વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૭ અન્વયે આ હુકમની એક નકલ આરોપીને વીના મુલ્યે પુરી પાડવી.

**(૪)** આરોપીએ કોઈ જામીન ભરેલા હોય તો તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ તા.ર૪મી,માર્ચ,ર૦ર૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડાલી
તા.ર૪/૦૩/ર૦ર૬

(સુનિલકુમાર એમ.પટેલ)
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વડાલી. (કોડ નં.– જીજે–૦૧૭૦૪)

//A.A.P.//